તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 20-04-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- ✓ **લોકસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી પૂર્ણ થયા બાદ, લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર વેગવાન થયો છે.**
- ✓ **લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 102 બેઠકો માટે યોજાયેલા મતદાનમાં 62.37 ટકાથી વધુ મતદાન થયું હોવાના અહેવાલ છે.**
- ✓ **લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી થઈ રહી છે.**
- ✓ **ઓડિશાના, ઝારસુગુડા જિલ્લાની મહાનદીમાં બોટ પલટી જવાથી સાત લોકોના મોત થયા છે.**
- ✓ **હવામાન વિભાગે આગામી બે દિવસમાં ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં ગરમીમાં વધારો થવાની આગાહી કરી.**
- ✓ **આઈપીએલ ક્રિકેટમાં આજે દિલ્હીમાં દિલ્હી કેપિટલ્સનો સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# SECOND PHASE ELECTION

લોકસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી પૂર્ણ થયા બાદ, લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર વેગવાન થયો છે. બીજા તબક્કામાં, આ મહિનાની 26મી તારીખે 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો અને મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીની બેઠકો પર મતદાન યોજાશે. મતદારોને આકર્ષવા માટે વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ દેશભરમાં રેલીઓને સંબોધિત કરી રહ્યા છે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM _ CAMPAIGN*

લોકસભા ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોના નેતાઓ પ્રજાને રિઝવવા માટે પ્રયાસો કરી રહ્યા છે.

આ પૂર્વે મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી સભાને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ પહેલા તબક્કામાં થયેલા મતદાનની ટકાવારી માટે સંતોષ વ્યક્ત કર્યો. શ્રી મોદીએ લોકશાહી માટે સત્તા અને વિપક્ષ બંનેના પ્રયાસો પર ભાર મૂક્યો. આ પ્રસંગે તેમણે NDAએ સરકારની સિદ્ધીઓને વખાણતા....ગરીબ પરિવારોમાં મહિલાઓ માટે સોચાલય, ગરીબો માટે બેંક ખાતા, ડિજીટલ ઇન્ડિયા અને UPI ટેક્નોલોજીનો ઉલ્લેખ કર્યો.

બપોરબાદ તેઓ કર્ણાટકમાં બે જાહેર સભાઓને સંબોધન કરી રહ્યા છે. અહીં બે તબક્કામાં મતદાન થશે, જેમાં દક્ષિણ કર્ણાટકની 14 બેઠકો માટે ચૂંટણી પ્રચાર તેજ બન્યો છે. શ્રી મોદી કર્ણાટકના ચિકબલ્લાપુર જિલ્લામાં ચોક્કાહલ્લી ગામ નજીક જાહેર સભાને સંબોધશે. સાંજે તેઓ બેંગલુરુ પેલેસના મેદાનમાં અન્ય એક સભાને સંબોધશે. શ્રી મોદી આ સ્થળોએ છ લોકસભા બેઠકો માટે ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરશે. કોલારથી જનતાદળ (એસ)ના ઉમેદવાર આજે પ્રધાનમંત્રીની સભામાં સામેલ થશે. કર્ણાટકમાં ભાજપ અને જનતાદળ (એસ)નું ગઠબંધન છે.

અગાઉ થોડા દિવસ પહેલા કોલારમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ચૂંટણી પ્રચાર કર્યો હતો, જેમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ડી. કે. શિવકુમાર આજે માંડ્યામાં ચૂંટણી પ્રચાર કરશે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *KERALA CAMPAIGN - UPDATE*

કેરળમાં 26મી એપ્રિલે લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ત્રણ મોટા રાજકીય મોરચા પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે.

આજે કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નિર્મલા સીતારમણ કે જેઓ તિરુવનંતપુરમમાં NDAના પ્રચારમાં ભાગ લેવાના હતા તે રદ કર્યો છે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી આજે UDF પ્રચાર માટે ચાલકુડી, પથાનમથિટ્ટા અને તિરુવનંતપુરમ મતવિસ્તારની મુલાકાત લેશે.

દરમિયાન, સીપીઆઈના રાષ્ટ્રીય મહાસચિવ ડી. રાજા આજે વાયનાડમાં એલડીએફ માટે પ્રચાર કરશે. મુખ્યમંત્રી પિનરાઈ વિજયન આજે વાડાકારામાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તમિલનાડુના ભાજપ ધારાસભ્ય સુશ્રી વિજયધારાણી આજે રાજધાનીમાં NDA અભિયાનમાં ભાગ લઈ રહ્યા છે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *GUJARAT _ NOMINATION*

ગુજરાત લોકસભાની 26 બેઠકો માટે 491 ઉમેદવારી પત્ર ભરાયા છે. જ્યારે વિધાનસભાની ખાલી પડેલી પાંચ પેટાચૂંટણી માટે 39 ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. સોમવારે 22મી એપ્રિલે ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે. એટલે કે સોમવારે સાંજે લોકસભા  અને વિધાનસભાની બેઠકોના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થશે. આગામી સાતમી મેના રોજ મતદાન યોજાશે.

દરમિયાન રાજ્યમાં આજે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોના સમર્થનમાં રેલીઓ, સભાઓ યોજાઇ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ અને દાહોદમાં, કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ પણ અમદાવાદ અને વડોદરામાં પ્રચાર કાર્યમાં જોડાશે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# NT-EC-OVERALL-FIRST-PHASE

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 102 બેઠકો માટે ગઇકાલે યોજાયેલા 62.37 ટકાથી વધુ મતદાન થયું હતું.

મતદાન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું હતું અને વધુ ગરમી હોવા છતાં મતદારોએ  મતદાન કરવામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 102 સંસદીય મતવિસ્તારોમાંથી 11 લોકસભા બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અને 18 બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત છે. આ 102 બેઠકો ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, આસામ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, મણિપુર અને મેઘાલયની છે.

પશ્ચિમ બંગાળની ત્રણ લોકસભા બેઠકો માટે 77.57 ટકાથી વધુ મતદાન થયું હતું. ઉત્તરપ્રદેશની આઠ બેઠકો પર 58.49 ટકાથી વધુ મતદાન થયું હતું. બિહારની ચાર બેઠકો પર 48 ટકાથી વધુ મતદાન થયું હતું. રાજસ્થાનની આઠ બેઠકો પર લગભગ 57 ટકા મતદાન થયું હતું. જ્યારે મહારાષ્ટ્રની પાંચ બેઠકો પર લગભગ 55 ટકા મતદાન થયું હતું, આસામની પાંચ બેઠકો પર લગભગ 72 ટકા મતદાન થયું હતું અને તમિલનાડુની તમામ 39 બેઠકો પર લગભગ 65 ટકા મતદાન થયું હતું. ઉત્તરાખંડની પાંચેય બેઠક પર લગભગ 54 ટકા અને છત્તીસગઢની એક બેઠક પર લગભગ 63 ટકા મતદાન થયું હતું. ત્રિપુરાની એક લોકસભા બેઠક પર લગભગ 80 ટકા મતદાન થયું હતું.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

પ્રથમ તબક્કામાં કુલ 1625 ઉમેદવારો મેદાનમાં હતા. ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ નીતિન ગડકરી, સર્બાનંદ સોનોવાલ, કિરેન રિજિજુ, ડૉ. જિતેન્દ્ર સિંહ, સંજીવ બાલ્યાન સાથે ભાજપના નેતાઓ તમિલિસાઈ સુંદરરાજન અને જિતિન પ્રસાદ અને કોંગ્રેસના નેતાઓ ગૌરવ ગોગોઈ, કાર્તિ ચિદમ્બરમ અને નકુલ નાથ અને ડીએમકેના દયાનિધિ મારન પ્રથમ તબક્કામાં અગ્રણી ઉમેદવાર હતા.

છત્તીસગઢના બસ્તરના છપ્પન ગામો અને ગ્રેટ નિકોબારના શોમ્પેન જનજાતિએ પ્રથમ વખત મતદાન કર્યું. શોમ્પેન આદિજાતિ ગ્રેટ નિકોબાર ટાપુના અંતરિયાળ વિસ્તારના સ્થાનિકો છે અને તેમને ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથ તરીકે ઓળખાવ્યા છે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ***ODISHA-TRAGEDY***

ઓડિશાના, ઝારસુગુડા જિલ્લાની મહાનદીમાં બોટ પલટી જવાથી સાત લોકોના મોત થયા છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે લખનપુર નજીક મહાનદીમાં લગભગ 54 લોકોને લઈ જતી બોટ પલટી ગઈ હતી. બોટમાં સવાર તમામ લોકો પડોશી રાજ્ય છત્તીસગઢના હતા. તેઓ પ્રવાસન હેતુ માટે ઓડિશાના બારગઢ જિલ્લાના અંબાભોના બ્લોકમાં આવેલા ખરસેની જઈ રહ્યા હતા.

વહીવટીતંત્ર દ્વારા એક ગુમ મહિલાને શોધવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# _WEATHER

હવામાન વિભાગ અનુસાર આગામી સપ્તાહે કેટલાક રાજ્યોમાં ગરમીનો પ્રકોપ વધશે.

જેથી લોકોને બપોરના સમયે ઘરની બહાર જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર ઓડિશા, પશ્ચિમ બગાંળમાં સોમવાર સુધીમાં છૂટાછવાયા વિસ્તારોમાં ગરમ લૂ વર્તાશે.  આગામી બેથી ત્રણ દિવસ સુધી ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના અંતરિયાળ ભાગોમાં પણ ભીષણ તાપ અને ગરમી અનુભવાશે. આ તરફ ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, તટીય આંધ્ર પ્રદેશ, યાનમ, રાયલસીમા, કેરળ, માહે તેમજ બંગાળના પર્વતીય ભાગોમાં હવામાન સૂકું અને લૂની સ્થિતિ રહેશે. જોકે હવામાન વિભાગે જમ્મૂ -કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ- બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ હિમાલય પ્રદેશમાં આગામી સપ્તાહે કરાં સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *SISODIA JUDGEMENT*

દિલ્હીની એક અદાલતે આજે દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્ય મંત્રી મનીષ સિસોદિયા દ્વારા દાખલ કરાયેલી નિયમિત જામીન અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે, જેમની ગયા વર્ષે દારૂ નીતિ કેસ સંબંધિત મની લોન્ડરિંગના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી.

રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ (પીસી એક્ટ) કાવેરી બાવેજાએ જણાવ્યું હતું કે 30મી એપ્રિલે આદેશ જાહેર કરવામાં આવશે.

ઇડી અને સીબીઆઇ બંને કેસમાં ટ્રાયલ કોર્ટ, દિલ્હી હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે તેને જામીન આપવાનો ઇનકાર કર્યો હતો.

અગાઉ AAP નેતા સિસોદિયાએ રાઉઝ એવન્યુ કોર્ટમાંથી વચગાળાની જામીન અરજી પાછી ખેંચી હતી. તેમણે ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન માંગ્યા હતા. શ્રી સિસોદિયા ગયા વર્ષે ફેબ્રુઆરીથી કસ્ટડીમાં છે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *US-ISRAEL*

અમેરિકાએ આજે ઇઝરાયેલના દક્ષિણપંથી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી અને બે સંસ્થાઓના સહયોગી પર પ્રતિબંધ લગાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે તેમના પર વસાહતી હિંસાના આરોપી, ઇઝરાયેલી નાગરિકો માટે ભંડોળ એકત્ર કરવાનો આરોપ છે.

અમેરિકાએ દક્ષિણપંથી જૂથ લેહાવાના સ્થાપક અને નેતા બેન-ઝિયોન ગોપસ્ટીન પર પણ પ્રતિબંધો લાદ્યા છે, જે યહૂદીઓને બિન-યહૂદીઓ સાથે એકીકરણનો વિરોધ કરે છે અને ધર્મ અને રાષ્ટ્રીય સુરક્ષાના નામે આરબ દેશો સામે આંદોલન કરે છે. અમેરિકાએ માઉન્ટ હેબ્રોન ફંડ, એક ઓનલાઈન ભંડોળ એકત્રીકરણ ઝુંબેશ અને ક્રાઉડફંડિંગ વેબસાઈટ શ્લોમ અસીરાઈચ પર પણ પ્રતિબંધો લાદ્યા છે.

તા. 20-04-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IPL-CRICKET*

આઈપીએલ ક્રિકેટમાં આજે દિલ્હીમાં દિલ્હી કેપિટલ્સનો મુકાબલો સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે સાંજે સાડા સાત વાગે થશે.

દરમ્યાન ગઈકાલે રાત્રે લખનઉ સુપર જાયન્ટ્સે લખનૌમાં ચેન્નાઈ સુપર કિંગ્સને આઠ વિકેટે હરાવ્યું હતું. 177 રનના લક્ષ્યાંકનો પીછો કરતા લખનૌ સુપર જાયન્ટ્સે 19 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 180 રન બનાવ્યા હતા. કે એલ રાહુલે 53 બોલમાં 82 રન બનાવ્યા હતા. આ પહેલા બેટિંગ કરતા ચેન્નાઈ સુપર કિંગ્સે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 176 રન બનાવ્યા હતા. રવિન્દ્ર જાડેજાએ સૌથી વધુ 57 રન બનાવ્યા હતા. કે એલ રાહુલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.